રજૂ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૧૬/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૧.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૯૫/૨૦૨૬.**

**અરજદારો :–** (૧) **રજનીશ ઉર્ફે બડે શકલદેવસિંગ,**
રહેવાસી : રૂમ નંબર : ૩૩, બીજો માળ,
પઠાણ પાર્ક બિલ્ડીંગ, પલસાણા,
તાલુકો : પલસાણા, જીલ્લો : સુરત.

(૨) **નીતીશ ઉર્ફે છોટે શકલદેવસિંગ,**
રહેવાસી : એજન.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદારો તરફે વિદ્વાન વકીલ શ્રી પી. આઇ. જોધપુરીયા.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદારો/આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદારો/આરોપીઓની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૬૦૦૦૫/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૩), ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનાના કામે હાલના અરજદારોને અટક કરવામાં આવેલા છે. અરજદારો/આરોપીઓ હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદારો/આરોપીઓના વિ. વકીલ શ્રી પી. આઇ. જોધપુરીયાની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદારો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૩), ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારોએ ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદારો નિર્દોષ છે અને અરજદારોને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદારો/આરોપીઓએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઇ ભાગ ભજવેલ નથી. ફરિયાદમાં આરોપીઓના નામ તથા ચહેરાનું વર્ણન જણાવવામાં આવેલ નથી. ફરિયાદ મોડી આપવામાં આવેલ છે, જેનો કોઇ વાજબી ખુલાસો જણાવવામાં આવેલ નથી. સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે, જેથી પુરાવા સાથે ચેડાં થવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. આરોપીઓ સામે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. અરજદારો સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદારો મજૂરી કરે છે અને તેઓ ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદારો રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદારો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૩), ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. આરોપીઓએ ફરિયાદીની કંપનીમાંથી ગ્રાઇન્ડર મશીન, વેલ્ડીંગ મશીનના કેબલ, એમ.એમ. કેબલ, એ. એસ. રેડયુસર, એ. એસ. બેન્ડ તથા રોકડ રકમ મળી કુલ્લે રૂા.૧,૧૧,૬૫૦/– ની મત્તાની ચોરી કરેલ હોવાનો આક્ષેપ છે. ચાર્જશીટના કાગળો જોતાં અરજદારોએ સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવે છે. અરજદારોની અગાઉની જામીન અરજી નામંજૂર થયા બાદ સંજોગોમાં કોઈ ફેરફાર થયેલ નથી. અરજદારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેઓ બિહાર રાજયના મૂળ વતની છે. જો અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. ચાર્જશીટના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે ચાર્જશીટના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદારો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૩), ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. આરોપીઓએ ફરિયાદીની તાંથીથૈયા ખાતે આવેલ વાસુદેવ ઈન્ડસ્ટ્રીઝ કંપનીના દરવાજાનું શટર તોડી કંપનીમાં પ્રવેશ કરી ગ્રાઇન્ડર મશીન, વેલ્ડીંગ મશીનના કેબલ, એમ.એમ. કેબલ, એ. એસ. રેડયુસર, એ. એસ. બેન્ડ તથા રોકડ રકમ મળી કુલ્લે રૂા.૧,૧૧,૬૫૦/– ની મત્તાની ચોરી કરેલ હોવાનો આક્ષેપ છે. હાલના અરજદારો સામે ચોરી કરવા સંબંધેનો આક્ષેપ જણાઈ આવે છે. સદર ગુનાની તપાસ દરમ્યાન અરજદારો પાસેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. અરજદારોની અગાઉની

જામીન અરજી નામંજૂર કરવામાં આવેલ અને તે જામીન અરજીનો નિર્ણય કરતાં સમયે પોલિસ તપાસ ચાલુ હતી. હાલમાં સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે અને ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારો દ્વારા હાલની જામીન અરજી કરવામાં આવેલ છે. અરજદારો તારીખ : ૦૭/૦૧/૨૦૨૬ ના રોજથી કસ્ટડીમાં છે. અરજદારો સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં જણાઈ આવે છે, પરંતુ અરજદારોને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ઉચિત જણાય છે. અરજદારો સુરત જીલ્લાના રહેવાસી છે અને બિહાર રાજયના મૂળ વતની છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે અરજદારોની હાજરી ઉપલબ્ધ બની રહે તે માટે યોગ્ય શરતો લાદવાનું ઉચિત જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીઓને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઈ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઈ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઈ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીઓને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારો/આરોપીઓ (૧) રજનીશ ઉર્ફે બડે શકલદેવસિંગ તથા (૨) નીતીશ ઉર્ફે છોટે શકલદેવસિંગની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૧૯૫/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) કડોદરા જી.આઈ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૬૦૦૦૫/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૫, ૩૩૧(૩), ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનાના કામે દરેક અરજદાર/આરોપી રૂ.૫૦,૦૦૦/– અંકે

રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદારો/આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદારો/આરોપીઓએ વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદારો પાસપોર્ટ ધરાવતા હોય તો વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદારો/આરોપીઓએ સદરહુ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી સંબંધિત કોર્ટની પૂર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૧૬ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૬/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594